| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |
|---|---|---|

તા.૨૯/૧૨/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

**સમાચાર યાદી નં.૨૨૪૬/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૮/૧૨/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૦૬૯ | ૯ | ૧૧૦૭૮ | ૧૭૧૯૯ | ૯ | ૧૭૨૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૬૮૩ | ૦ | ૪૬૮૩ | ૬૨૦૬ | ૦ | ૬૨૦૬ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૬૨ | ૦ | ૬૨ | ૨૬૦ | ૦ | ૨૬૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૨૪૩૬૮ | ૩૨૨ | ૨૪૬૯૦ | ૨૫૫૭૯ | ૩૧૨ | ૨૫૮૯૧ |
| | કુલ | ૪૦૧૮૨ | ૩૩૧ | ૪૦૫૧૩ | ૪૯૨૪૪ | ૩૨૧ | ૪૯૫૬૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪૮ | ૧૫,૪૧,000/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૩૯૭૯ | ૩૯,૭૯,000/- |

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઇમબ્રાંચ :**

## રીઢા ઘરફોડ/વાહનચોર હૈદરઅલી ઉર્ફે મોનુંને બે મોટર સાયકલ તથા ૨ મોબાઈલ અને ૧ ટેબ્લેટ મળી કુલ કિંમત રૂ.૫૮૦૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી ઘરફોડ તથા વાહન ચોરીના કુલ-૩ ગુન્હાનાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

અમદાવાદ શહેર વિસ્તારમાં ઘરફોડ/વાહનચોરીના ગુન્હાઓ બનવા પામેલ હોય આવા ગુન્હાઓનો ભેદ ઉકેલવા સારૂ ઉપરી અધિકારીશ્રીઓ તરફથી સુચના આપવામાં આવેલ હોય,જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઈ. શ્રી વાય.જી.ગુર્જર નાઓ સ્કોડના માણસો સાથે આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા.

દરમિયાન તા.૨૮/૧૨/૨૦૨૦ ના રોજ સ્ટાફનાહે.કો.કૌશિક ગોવિંદભાઈ તથા પો.કો. રમેશકુમાર હિરદેરામ નાઓને મળેલ બાતમી હકીકત આધારેગોમતીપુર લાલમીલ ચાર રસ્તા પાસેથી આરોપી:- **હૈદરઅલી ઉર્ફે મોનું ઉર્ફે છસો સ/ઓ મહંમદ ગુલઝાર બેચનઅલી શેખ, ઉ.વ.૨૯, રહે. મ.નં.૪, નુરભાઈ ધોબીની ચાલી, ડાયમંડ હોટલ સામે, ગોમતીપુર, અમદાવાદ શહેર નાઓને પકડી તેની પાસેથી**

**(૧) પેશન પ્લસ મોટર સાયકલ કિંમત રૂ.૨૦૦૦૦/-**

**(૨) લીનોવો TB-7504X મોડલનું લેબ્લેટ કિંમત રૂ.૫૦૦૦/-**

**(3) Redmi Note5 મોબાઈલ ફોન કિં.રૂ.૩૦૦૦/-**

**(૪) OPPO F5 મોબાઈલ ફોન કિં.રૂ.૫૦૦૦/-**

**(૫) હોન્ડા સી.ડી.૧૧૦ મોટર સાયકલ કિં.રૂ.૨૫૦૦૦/-**

**મળી કુલ કિં.રૂ.૫૮૦૦૦/-ની મત્તાનો મુદ્દામાલ** સીઆરપીસી કલમ ૧૦૨ મુજબ કબજે લઇ આરોપીને તા.૨૮/૧૨/૨૦૨૦ ના કલાક ૧૫/૪૫ વાગે સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ અટક કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ. આરોપીને વટવા પો.સ્ટે. સોંપવા તજવીજ કરેલ છે.

**આ કામે આરોપીની પુછપરછ તપાસ દરમ્યાન નીચે મુજબના ગુનાઓની કબુલાત કરેલ છે**

(૧)આજથી બે માસ અગાઉ રાત્રિના વટવા ચાર માળીયા ખાતે શ્યામાપ્રસાદ મુખરજીનગર બ્લોક નં.૫૬નીચે પાર્ક કરેલ પેશન પ્લસ મો.સા.ની ચોરી કરેલ.

(૨)આજથી બે માસ અગાઉ રાત્રિના સમયે વટવા વાંદરવટ તળાવ નજીક ઈન્દિરાનગરમાં આવેલ, એક મકાનમાંથી ટેબ્લેટ તથા મોબાઈલ ફોન અને તેની નજીક રાજનગર સોસાયટીની સામે આવેલહેરકટીંગની દુકાનની ઉપર આવેલ મકાનમાંથી એક મોબાઈલ ફોનની ચોરી કરેલ.

(૩)આજથી આશરે બે માસ અગાઉ જમાલપુર શાકમાર્કેટની સામે આવેલ મ્યુનિ. કવાટર્સના કોર્નર પાસેથી એક હોન્ડા સીડી ડ્રીમ મો.સા.ની ચોરી કરેલ.

**શોધાયેલ ગુન્હા:**

**(૧) વટવા પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૮૨૦૧૩૯૩/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજ્બ**

**(૨) ગા.હવેલી પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૧૨૦૧૦૨૮/૨૦૨૦ ઈ.પી.કો કલમ ૩૭૯ મુજ્બ**

**આરોપીનો ગુન્હાહિત ઈતિહાસ:**

(૧) સને ૨૦૧૫ માં **મણિનગર પોલીસ સ્ટેશન**માંઘરફોડ ચોરીના ગુનામાં પકડાયેલ છે.

(૨) સને-૨૦૧૬ માં **વટવા પોલીસ સ્ટેશનમાં**વાહન ચોરીના બે ગુનાઓમાં તથા **ખોખરા પોલીસ સ્ટેશનમાં** મોબાઈલ લુંટના ગુનામાં પક્ડાયેલ છે.

(૩)સને-૨૦૧૮માં **ખોખરા પોલીસ સ્ટેશનમાં** ચેઈન સ્નેચીંગના અને મોબાઈલ લુંટના ગુનામાં તથા **પાલડી પોલીસ સ્ટેશનમાં** મોબાઈલ લુંટના ગુનામાં પક્ડાયેલ છે.

(૪)સને-૨૦૧૯માં **ગોમતીપુર પોલીસ સ્ટેશન** ચપ્પુ બતાવી રોકડા રકમની લુંટના ગુનામાં તથા **સાબરમતી રીવરફ્રન્ટ (ઈસ્ટ) પોલીસ સ્ટેશનમાં** મોબાઈલ ફોન લુંટના ગુનામાં એમ ઘરફોડ/ચોરી/ચેઈન સ્નેચીંગ/વાહનચોરી વિગેરે મળી કુલ્લ-૯ જેટલા ગુનાઓમાં પકડાયેલ છે.

**તેમજ ૫ વખત સુરત લાજપોર જેલ તથા રાજકોટ જેલમાં સજા કાપી ચુકેલ છે.**



# પ્રોહીબીશનના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :**

## એક હોન્ડાઇ આઇ.20. ગાડીમાં ભારતીય બનાવટના વિદેશી દારૂની અલગ અલગ બ્રાન્ડની બોટલ નંગ- ૬૭૮/- મળી કુલ્લે કિ.રૂ.૨,૮૭,000/- ની મત્તાનો જથ્થો પકડી પાડતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-0૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી પ્રોહી- જુગારની પ્રવૃત્તી નેસ્ત-નાબુદ કરવા અંગેની સુચના આધારે પોલીસ ઇન્સપેકટર એમ.એમ.સોલંકી સરદારનગર પોલીસ સ્ટેશન નાઓ સર્વેલન્સ પો.સ.ઇ એમ.જી.ઢોડીયા તથા પો.સ.ઇ. એમ.સી.જાડેજા તથા સાથેના સ્ટાફના માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો પ્રદિપસિંહ ગણપતસિંહ બ.ન.૬૭૧૭ તથા પો.કો સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫0૩ નાઓને સંયુક્ત રીતે ચોક્કસ ખાનગી બાતમી મળેલ કે " એક લાલ કલરની આઇ.૨૦ ગાડી જેનો RTO નંબર GJ-01-KM-6096 ની જેમા કેટલોક વિદેશીદારૂનો જથ્થો ભરેલ છે અને તે નાનાચીલોડા ગામ તરફથી આવી રાધે રાધે ફ્લેટ થઇ ભગવતી ટાઉન શીપ તરફ જનાર છે " જે બાતમી હકીકત આધારે હકીકત વાળી ગાડીની વોચમાં રહી ભારતીય બનાવટનો વિદેશી દારૂના જથ્થા સાથેની ગાડી મળી આવતાં સદરી વિરુધ્ધમાં ધી પ્રોહિ કલમ ૬૬(બી),૬૫(એ)(ઈ),૧૧૬(૧)બી,૯૮(૨) મુજબ કાયદેસર કાર્યવાહિ કરેલ છે.તારીખ-૨૯/૧૨/૨૦૨૦

આરોપીનુ નામ;- -(હાજર નહી મળી આવેલ) એક હોન્ડાઇ આઇ.૨૦.રેડ કલર ની જેનો આર.ટી.ઓ.રજીસ્ટેશન નં- GJ-01-KM-6096 નો ચાલક જેનુ નામ સરનામુ જાણવા મળેલ નથી તે.

મુદ્દામાલ;-

(૧)ભારતીય બનાવટના વિદેશીદારૂનો જથ્થો કુલ્લે બોટલ નંગ-૬૭૮/- કિ.રૂ.૮૭,000/-

(૨) એક હોન્ડાઇ આઇ.૨૦.રેડ કલરની જેનો આર.ટી.ઓ.રજીસ્ટેશન નં- GJ-01-KM-6096 નો જેની કિ.રૂ.૨,00,000/- ગણી કુલ્લે કિ.રૂ.૨,૮૭,000/- ની મત્તાનો

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;- (૧) પોલીસ ઇન્સપેકટર એમ.એમ.સોલંકી (૨)પોલીસ સબ ઇન્સ એમ.જી.ઢોડીયા (૩) પો.સ.ઇ એમ.સી.જાડેજા (૪) હે.કો વિક્રમસિંહ સુખદેવસિંહ બ.ન.૬૨૧૯ (૫) હે.કો રમેશભાઇ રત્નાભાઇ બ.ન.૯૯૩૬ (૬) હે.કો પ્રદિપસિંહ ગણપતસિંહ બ.ન.૬૭૧૭ (૭) પો.કો સંદિપસિંહ કોદરસિંહ બ.ન.૩૫0૩ (૮) પો.કો શક્તિસિંહ લાલુભા બ.ન.૩૧૨૯ (૯) લોકરક્ષક યુવરાજસિંહ મહીપતસિંહ બ.ન.૪૫૧ (૧૦) લોકરક્ષક ગોપાલસિંહ દશરથસિંહ બ.ન.૬૭૧ (૧૧) લોકરક્ષક દિવ્યરાજસિંહ કિશોરસિંહ બ.ન.૧૨૯૬૯ વિગેરે.


2020/12/29 07:54


GJ 01 KM 6096
SHOT ON MI A1
MI DUAL CAMERA
2020/12/29 07:34



# પાસા અટકાયતીની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન :-

## આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાસા નંબર- ૪૧/૨૦૨૦

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી "જી" ડિવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ તેમજ સુચના મુજબ નં.(૧).કૃષ્ણનગર પોલીસ સ્ટેશન પાર્ટ સી ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૦૦૪૨૦/૨૦૨૦ પ્રોહી કલમ ૬૫(ઇ),૮૧,૯૮(૨) મુજબ મુજબના પ્રોહીબીશન સબંધે ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૧૪૨૮/૨૦૨૦ તા.૨૮/૧૨/૨૦૨૦ ના હુકમ આધારે તા.૨૮/૧૨/૨૦૨૦ ના કલાકઃ૨૧/૧૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી મધ્યસ્થ જેલ રાજકોટ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે. તા.૨૮/૧૨/૨૦૨૦

આરોપીનું નામ:- શ્રી ઉર્મેશ સ/ઓ સંજયભાઇ ગોવિંદભાઇ જાતે પાનવેકર (છારા) ઉ.વ.૩૦ રહે.ફ્રી કોલોની પાણીની ટાંકી પાસે કુબેરનગર સરદારનગર છારાનગર અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

પો.ઇન્સ.શ્રી જે.આર.પટેલ તથા એએસઆઇ રમણભાઇ કરશનભાઇ બ.નં.૭૭૫૨ તથા અ.હે.કો. શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.પો.કો. મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અનાર્મ લોકરક્ષક કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૧૨૨૦ તથા સર્વેલન્સ સ્કોડ

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૭/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૭૩ કેસ કરી, ૬૪ વ્યક્તિઓને ઝડપી, ૮૯૬ લીટર દેશી દારૂ, ૧૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયરટીન, ૦૧ રીક્ષા અને ૦૩ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૧૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૮૩૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૨૪૮/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૨૪૯/૨૦૨૦**

**સોલા હાઇકોર્ટ** : મુકેશસિંગ ભરતસિંગ ગજ્જર (ઉ.વ.૩૫)(રહે. ગામ: ટેગરીયાપુરા તા.ઇન્ડોર જી-કરોલી રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૨૮/૧૨/૨૦૨૦ ના કલાક ૧૨/૫૫ વાગ્યાના સુમારે ગોતા ચોકડી લક્ષ્મી નારાયણ સ્ટોન પાસે આવેલ ઓરડીમાં પતરાની નીચે લગાવેલ લોખંડની એન્ગલમાં કાપડનો ખેશ બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી છે. આ અંગે સોલા હાઇકોર્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી ખમુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી